<u>વર્ષ ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ની વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળની ગ્રાન્ટ વાપરવાની મુદત લંબાવવા બાબત.</u>

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ વજઅ-૧૫૨૦૧૯-૨૮૨-ચ,
૭/૪, સરદાર પટેલ ભવન,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૨૨/૦૧/૨૦૨૧

<u>વંચાણે લીધાઃ-</u>

(૧)સામાન્ય વહીવટ વિભાગ(આયોજન)નો તા.૨૧/૦૩/૨૦૨૦નો ઠરાવ ક્રમાંકઃ-વજઅ-૧૫૨૦૧૯-૨૮૨-ચ

<u>આમુખઃ-</u>

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળની યોજનાઓ (વિવેકાધીન, પ્રોત્સાહક, ભૌગોલિક રીતે પછાત વિસ્તાર, ધારાસભ્ય ફંડ જોગવાઇ તથા વિકાસશીલ તાલુકાઓ, રાષ્ટ્રીય પર્વોની ઉજવણી માટેની જોગવાઇ અને આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના)ની ગ્રાન્ટોમાંથી ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમઃ(૧) સામેના તા.૨૧/૦૩/૨૦૨૦ના ઠરાવથી વર્ષ ૨૦૧૮-૧૯ અને વર્ષ ૨૦૧૯-૨૦ના કામો શરૂ કરવાની મુદત તા.૩૦/૧૧/૨૦૨૦ સુધી અને કામો પૂર્ણ કરી ચૂકવણી કરવાની મુદત તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી નિર્ધારિત કરવામાં આવેલ હતી.

હવે, આ કાર્યક્રમ હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ અને વર્ષ ૨૦૧૯-૨૦માં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત વિવિધ યોજનાઓ માટે ફાળવેલ ગ્રાન્ટો વાપરવાની મુદત લંબાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ-</u>

આ બાબતે, પુખ્ત વિચારણાના અંતે આથી નીચે મુજબ નિર્ણય લેવામાં આવે છેઃ

૧. વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૧૮-૧૯માં અને વર્ષ ૨૦૧૯-૨૦માં ફાળવવામાં આવેલ તમામ ગ્રાન્ટો હેઠળ કામો શરૂ કરવાની મુદત તા.૩૦/૦૬/૨૦૨૧ સુધી અને તે તમામ કામો પૂર્ણ કરી ચૂકવણું કરવાની મુદત તા.૩૧/૦૭/૨૦૨૧ સુધી લંબાવવામાં આવે છે.

૨. સદરહુ મુદત વધારા બાદ ભવિષ્યમાં મુદત વધારો આપવામાં આવશે નહીં. આ બાબતને ધ્યાને લઈ તા.૩૧/૦૭/૨૦૨૧ સુધીમાં કામો પૂર્ણ કરી ચૂકવણી કરવા અંગેની સંપૂર્ણ કાર્યવાહી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

૩. આ કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૧૮-૧૯ અને વર્ષ ૨૦૧૯-૨૦ની તમામ ગ્રાન્ટો સંદર્ભે તા.૩૧/૦૭/૨૦૨૧ સુધીમાં પુરેપુરો ખર્ચ કરવામાં ન આવે તો વણવપરાયેલ રહેલ ગ્રાન્ટ તા.૦૧/૦૮/૨૦૨૧ બાદ સરકારશ્રીમાં પરત જમા કરાવી તે અંગેની જાણ સામાન્ય વહીવટ વિભાગની ચ-૧ શાખાને કરવાની રહેશે.

૪. વર્ષ ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦માં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત વિવેકાધીન, પ્રોત્સાહક, ભૌગોલિક રીતે પછાત વિસ્તાર, ધારાસભ્ય ફંડ જોગવાઈ તથા વિકાસશીલ તાલુકાઓ, રાષ્ટ્રીય પર્વોની ઉજવણી માટેની જોગવાઈ અને આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના માટે ફાળવેલ ગ્રાન્ટ પૈકી તમામ કામો લંબાવેલ સમય મર્યાદામાં પૂરાં થાય અને સમયમર્યાદામાં જ ચુકવણા થાય તે માટે સમયાંતરે પ્રગતિની સમીક્ષા સહિતના તમામ પ્રયત્નો કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને સંબંધિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ કરવાના રહેશે.



Scanned with CamScanner

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગ મારફતે મળેલ સરકારશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કેતન સુથાર)
નાયબ સચિવ (MLP)
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર,(પત્ર દ્વારા)
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી/ અધિક મુખ્ય સચિવશ્રી/ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર,
- સર્વે માનનીય મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર,
- સર્વે માનનીય રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર,
- માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- સર્વે ધારાસભ્યશ્રીઓ/સર્વે સંસદસભ્યશ્રીઓ,
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- સચિવશ્રી(આયોજન)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- સર્વે વિકાસશીલ તાલુકાના ઈન્ચાર્જ સચિવશ્રીઓ,
- સર્વે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ,
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ/સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/સર્વે જિલ્લા આયોજન અધિકારીશ્રીઓ,
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ,
- સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ,
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજય,રાજકોટ/અમદાવાદ,
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર,
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
- સામાન્ય વહીવટ વિભાગ,(આયોજન પ્રભાગ)ના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ
- સામાન્ય વહીવટ વિભાગ/(બજેટ) લ-શાખા,
- ઉપ સચિવશ્રી, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, આ ઠરાવ GSWAN ઉપર મુકવાની વિનંતી સહ.
- શાખા પસંદગી ફાઈલ / નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.

Scanned with CamScanner